સ્વતંત્રતાની રાષ્ટ્રીય ચળવળમાં મહત્વનો ભાગ ભજવનાર આદિવાસી નેતાઓના યોગદાન અને આદિવાસી સંસ્કૃતિને ઉજાગર કરતું રાષ્ટ્રીય કક્ષાનું સંગ્રહાલય બનાવવાની નવી યોજનાને વહીવટી મંજૂરી આપવા અંગે.

# ગુજરાત સરકાર

## આદિજાતિ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક : નવબ/૨૦૧૭/ન.બા-૧૨/ખ.

સચિવાલય,ગાંધીનગર.

તા.૦૩/૦૪/૨૦૧૭

<u>વંચાણે લીધા</u>:-

(૧) કમિશનરશ્રી (આ.વિ.)ની કચેરી, ગાંધીનગરનો તા.૦૪/૦૨/૨૦૧૭નો પત્ર ક્રમાંક: આ.વિ/તા.સં/૧/ફા.નં.૩૮/૨૦૧૭/૨૨૫ થી ૨૨૬

<u>પ્રસ્તાવના:</u>

સ્વતંત્રતાની રાષ્ટ્રીય ચળવળમાં ગુજરાત રાજ્ય અને દેશના અન્ય રાજ્યોના અનેક આદિજાતિના નેતાઓ, વીરોએ મહત્વનો ભાગ ભજવ્યો છે. તેઓએ સ્વતંત્રતા માટે અનેક પ્રકારની યાતનાઓ સહન કરી છે અને બલિદાનો પણ આપેલા છે. આ અંગેની અનેક ગાથાઓ સ્વતંત્રતા ઈતિહાસમાં જોવા મળે છે. દેશની વર્તમાન પેઢી તથા આગામી પેઢીઓ રાષ્ટ્રીય ચળવળમાં ભાગ લેનારા આવા આદિજાતિના નેતાઓ, વીરોના યોગદાનથી દેશની વર્તમાન પેઢી તથા આગામી પેઢીઓ પરીચિત થાય તેમજ આદિવાસી યુવાનોના રાષ્ટ્રપ્રેમનો અનુભવ કરી શકે અને સાથોસાથ દેશની આદિવાસી સંસ્કૃતિ, રીત-રિવાજો અને રહેણીકરણીથી પણ માહિતગાર થાય તે ખૂબ જ જરૂરી છે.

ગુજરાત રાજ્યમાં નર્મદા જિલ્લાના કેવડીયા કોલોની ખાતે નિર્માણ થનાર સ્ટેચ્યુ ઑફ યુનિટીની મુલાકાત લેનાર દેશ-વિદેશના પ્રવાસીઓ, મુલાકાતીઓ રાષ્ટ્રીય કક્ષાના આ સંગ્રહાલયની મુલાકાત લઈને સ્વતંત્રતાની રાષ્ટ્રીય ચળવળમાં ભાગ લેનાર આદિવાસી વીરો અને આદિવાસી સંસ્કૃતિનો પરિચય મેળવી શકે તે હેતુસર નર્મદા જિલ્લામાં રાષ્ટ્રીય કક્ષાનું સંગ્રહાલય

(મ્યુઝિયમ) બનાવવા માટે ભારત સરકારના આદિજાતિ કલ્યાણ મંત્રાલય તરફથી પણ આર્થિક સહયોગ મળે તે ધોરણે આ સંગ્રાહલય બનાવવા માટે થનાર અંદાજીત ખર્ચ પૈકી સને-૨૦૧૭-૧૮ માં રૂ.૨૦૦.૦૦ લાખ ટોકન જોગવાઈ કરવાની નવી બાબતની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબનો ઠરાવ બહાર પાડવામાં આવે છે.

ઠરાવ :

નર્મદા જિલ્લાના કેવડીયા કોલોની ખાતે રાષ્ટ્રીય કક્ષાનું આદિવાસી સંગ્રહાલય બનાવવા ભારત સરકારના આદિજાતિ કલ્યાણ મંત્રાલય તરફથી પણ આર્થિક સહયોગ મળે તે ધોરણે થનાર અંદાજીત ખર્ચ પૈકી સને ૨૦૧૭ -૧૮ માં આ સંગ્રાહલય બનાવવા માટે થનાર અંદાજીત ખર્ચ પૈકી સને-૨૦૧૭-૧૮માં રૂ.૨૦૦.૦૦ લાખ ટોકન જોગવાઈ કરવા માટેની નવી બાબતને નીચેની શરતોને આધિન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

<u>શરતો</u>:-

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૧૭-૧૮ની અંદાજપત્રીય જોગવાઈઓને આધિન અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(3) આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ અચુક કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. અને બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ યોજના હેઠળ ભારત સરકાર તરફથી મળનાર ફાળાની રકમ સમયમર્યાદામાં મેળવી લેવાની કાળજી રાખવાની રહેશે. અને આ અંગેનો ખર્ચ ભારત સરકાર તરફથી મંજૂરી મળ્યા બાદ કરવાનો રહેશે.

:

(૮) આ અંગેનો ખર્ચ નીચેના સદરે ઉધારવાનો રહેશે.

| | | |
|---|---|---|
| માંગણી ક્રમાંક | : ૯૬ | |
| મુખ્ય સદર | : ૨૨૨૫ | - અનુસુચિત જાતિ, આદિજાતિ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ |
| પેટા મુખ્ય સદર | : ૦૨ | - અનુસુચિત જનજાતિનું કલ્યાણ |
| ગૌણ સદર | : ૭૯૬ | - આદિજાતિ વિસ્તાર પેટા યોજના |
| પેટા સદર | : વીકેવાય | |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રાજેશ પટેલ)
ઉપસચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

- મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી,સવર્ણિમ સંકૂલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સવર્ણિમ સંકૂલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, (આ.વિ.), બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી, (આ.વિ.), બ્લોક નં.૧૪/૨ જો માળ, સચિવાલય, ગાંધીનગર.
- બજેટ શાખા આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મહાલેખાકારશ્રી, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- સર્વે મદદનીશ કમિશનરશ્રીઓ (આ.વિ.)
- સર્વે પ્રાયોજના વહીવટદારશ્રીઓ.
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ
- સિસ્ટમ મેનેજર શ્રી જતિન પટેલ, વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવા સારૂ.
- શાખા પસંદગી ફાઈલ. /ના.સે.અ. પસંદગી ફાઈલ.